## વડીલોને વંદન અભિનંદન



બચુભાઈ શિવાભાઈ પટેલ
(૧૯૪૧) ફોન. ૨૩૨૪૪૩૫૬



શારદાબેન નવનીતલાલ ત્રિવેદી
(૧૯૪૬) મો. ૯૮૮૯૦૨૪૬૦૮



જશુભાઈ સી. પટેલ
(૧૯૪૬) મો. ૯૮૯૮૭૨૩૪૨૫



શ્રીમાળી કાન્તિભાઈ બી.
(૧૯૪૪) મો. ૯૮૨૪૬૯૦૩૦૯

## ૨૦૧૫ના નાણાંકીય ધારા હેઠળના મહત્વના સુધારાની એક ઝલક

- યક્તિ, AOP ની મુક્તિમર્યાદા યથાવત એટલે કે ૨,૫૦,૦૦૦ સુધી વેરાનો દર શૂન્ય, ૨.૫૦ લાખથી ૫ લાખ સુધી - ૧૦ ટકા, ૫ લાખથી ૧૦ લાખ સુધી ૨૦ ટકા, ૧૦ લાખથી વધુ ૩૦ ટકા.
- આવકવેરાની કાયદાની કલમ-૮૦ સી ની પ્રવર્તમાન જોગવાઈઓ યથાવત એટલે કે કલમ-૮૦-સી ની મર્યાદા ૧,૫૦,૦૦૦
- કલમ ૮૦-ડી મેડીકલ ઈન્સ્યુરન્સ પ્રિમિયમની ચૂકવણી સબંધી કપાત ૧૫૦૦૦ થી વધારીને ૨૫૦૦૦ કરવામાં આવી છે.
- આવકવેરા નિયત-૨ બીબી અન્વયે કલમ-૧૦(૧૮૭) હેઠળ કરમુક્ત ટ્રાન્સપોર્ટ એલાવન્સ માસિક રૂ. ૮૦૦ થી વધારી ૧૬૦૦ કરવામાં આવ્યું છે. જેથી હવે કર્મચારીઓના કેસમાં વાર્ષિક ૧૯૨૦૦ ટ્રાન્સપોર્ટ એલાવન્સ તરીકે મજરે મળશે.
- રોકડ રૂ. ૨૦૦૦૦ થી વધુ એડવાન્સ પેટે ચૂકવાયા હોય કે ટ્રાન્સફર કરેલ હોય તેનો સમાવેશ કલમ-૨૬૯ એસએસમાં કરવામાં આવશે.
- કોર્પોરેટ ટેક્ષ ૩૦ ટકાથી ઘટાડીને ૨૫ ટકા, ૪ વર્ષ માટે કરવામાં આવ્યો છે.
- રૂ. ૧ લાખથી વધુ રકમના વ્યવહારમાં PAN ફરજીયાત.
- રોયલ્ટી ફી પરનો આવકવેરો ૨૫ ટકાથી ઘટાડીને ૧૦ ટકા કરવામાં આવ્યો છે.
- સર્વિસ ટેક્ષ ૧૨.૩૬ ટકા થી વધારીને ૧૪ ટકા.
- સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યુટી ૧૨.૩૬ થી ઘટાડીને ૧૨.૫ ટકા.
- સર્વિસ ટેક્ષ અને સેન્ટ્રલ એક્સાઈઝ સર્ટીફીકેટ ૨ દિવસમાં જ ઈસ્યુ થશે.
- (સુકન્યા સમૃદ્ધિ સ્કીમમાં કરેલ રોકાણ કરમુક્ત)
- ૧-૪-૨૦૧૬ થી GST નો અમલ.
- પેન્શન ફંડમાં કરેલુ રોકાણ ૧,૫૦,૦૦૦ સુધી મજરે મળશે.
- સંપતિવેરો નાબૂદ કરી ૨ ટકા સરચાર્જ લાદવામાં આવશે કે જેની આવક ૧ કરોડથી વધુ હોય.
- કાળા નાણાંને અટકાવવા નવો કાયદો.
- રસ્તા, રેલવે અને સિંચાઈ પ્રોજેક્ટ માટે ટેક્ષ ફ્રી ઈન્ફ્રા બોન્ડ.
- સ્વચ્છ ભારત અભિયાનમાં ચૂકવેલ રકમ ૧૦૦ ટકા કપાત તરીકે મજરે મળશે.

**- હરીશ ત્રિવેદી, ટેક્ષ એડવોકેટ**

# નાણાકીય શિસ્ત માટેની પ્રતિતિ કરાવતુ કેન્દ્રિય બજેટ : ભાજપ

### ગરીબ અને મધ્યમ વર્ગને મુક્તિ આપતો વેલ્થ ટેક્સની નાબૂદીનો નિર્ણય, આરોગ્ય વિમા રકમમાં વધારો, અટલ પેન્શન યોજના જનહિતની છે : ફળદુ

અમદાવાદ, તા.૨૮

પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુએ આજરોજ કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરાયેલા સામાન્ય અંદાજપત્રને આવકારતા જણાવ્યું હતું કે, આ બજેટ સામાજીક ક્ષેત્રમો સંતુલિત વિકાસ અને નાણાંકીય શિસ્તનું પ્રતિતિ કરાવનારું પ્રજાલક્ષી બજેટ છે. ફળદુએ નાણાંમંત્રી અરૂણ જેટલીજી દ્વારા આગામી ૫ વર્ષના રોડ મેપ સમાન અને વાસ્તવિક બજેટની પ્રજાકીય જોગવાઈઓનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, ગરીબ અને મધ્યમ વર્ગને મુક્તિ આપતો વેલ્થ ટેકસની નાબુદીનો નિર્ણય, સ્વાસ્થ્ય વિમા રકમમાં વધારો, અટલ પેન્શન યોજના, વેરાનું રસીકરણ સહિતની બાબતોને આવરી લઈ જનહિતની આ બજેટમાં ધ્યાન રખાયું છે. તેઓએ ઉમેર્યુ હતું કે, ગુજરાતની ગિફટ સીટીને આંતરરાષ્ટ્રીય દરજ્જા માટેની પહેલ અને હેરીટેજ ૨૫ (પચ્ચીસ) સ્થાનોનાં વિકાસમાં પાટણની રાણકી વાવનો સમાવેશ કર્યો છે. આ સાથે રસ્તા, રેલ, વિજળી જેવી બાબતોના વિકાસમાં સમાજના પૈસા સમાજની સુવિધા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર બોન્ડ, એન.આર.આઈ.ને સુવિધાઓ સહિત દરેક ગામમાં મેડીકલ સુવિધાઓ અને વિજળીકરણની જોગવાઈઓ કરી છે. ફળદુએ નાણાંકીય શિસ્ત અને અને કાળા નાણાં પર અંકુશ મુકવાની એન.ડી.એ. સરકારની પ્રતિબદ્ધતા અને આયોજનને આવકારતાં જણાવ્યું હતુ કે, આ સરકારે કાળા નાણાંના દુષણને ડામવા કડક સજાની જોગવાઈ તેમજ અગામી વર્ષની જી.એસ.ટી. અમલીકરણ. સ્કિલ ઈન્ડીયા થી મેક ઈન ઈન્ડીયા સુકન્યા સમૃદ્ધિ સ્કીમના વ્યાજને કરમાંથી મુક્તિ સહિત ૨૦૨૦ સુધીમાં ૬ કરોડ મકાનો બાંધવાનું આયોજન એ સામાજીક ક્ષેત્રનાં સંતુલિત વિકાસ માટે કેન્દ્ર સરકારની પ્રાથમિકતાનો પરિચય છે. દરમિયાન પ્રવેશ પ્રવક્તા આઈ.કે.જાડેજાએ કેન્દ્રીય બજેટને આવકારતાં જણાવ્યું હતું કે, આ બજેટ ગરીબલક્ષી, ખેડુતલક્ષી આમ સમાજનું વિકાસ માટેનું બજેટ છે. વિકાસની પ્રક્રિયામાં સમાજનાં તમામ વર્ગ અને પ્રદેશોને આવરી લેનારૂ આ બજેટ છે. જાડેજાએ જણાવ્યું હતું કે, આ બજેટમાં પ્રધાનમંત્રી સુરક્ષા અંતર્ગત માસિક ૧ રૂ. ના પ્રીમીયમે રૂ. ૨ લાખના વિમાનું કવચ, મહિલા સુરક્ષા માટે રૂ. ૧,૦૦૦ કરોડની જોગવાઈ, ગરીબ વિદ્યાર્થીઓ માટે પ્રધાનમંત્રી વિદ્યાલક્ષ્મી યોજના, સ્વાસ્થ્ય-શિક્ષણ-કૃષિ ક્ષેત્રે ગ્રામ્ય અને શહેરી વિસ્તાર માટેની નક્કર યોજનાઓ, રોજગારી વધારવા માટે કોર્પોરેટ ટેક્સમાં ઘટાડો, યુવાઓ માટે નેશનલ સ્કીમ મિશન, ઉચ્ચ શિક્ષણ માટે એજ્યુકેશન લોન જેવી બાબતોની જોગવાઈ કરવામાં આવી છે.

# સામાન્ય અને મધ્યમ વર્ગ માટે બજેટ નિરાશાજનક છે : કોંગ્રેસ

### બજેટમાં અચ્છે દિન અંગે વાયદાનું કોઈ પણ જોગવાઈમાં ઉલ્લેખ કરાયો નથી : કોર્પોરેટ ટેક્સમાં ઘટાડો કરાયો છે : બજેટ ગરીબ વિરોધી, ખેડૂત વિરોધી : અહેમદ પટેલ

અમદાવાદ, તા.૨૮

આજે કેન્દ્રિય નાણાંપ્રાધાને સંસદમાં રજુ કરેલા વર્ષ ૨૦૧૫-૧૬ માટેના અંદાજપત્રની આકરી ટીકા કરતાં સાંસદ અહેમદ પટેલે જણાવ્યું હતું કે, નાણાંપ્રધાને સર્વશિક્ષા અભિયાન માટેની ફાળવણીમાં કાપ મૂકીને ગરીબોની શિક્ષણ સુવિધાઓ ઘટાડીને ગરીબોનું ભારે અહિત કર્યું છે. એક તરફ કોગ્રેસની સરકારે ગરીબ અને સામાન્યવર્ગના બાળકોને શિક્ષણનો અધિકાર આપ્યો, બીજી બાજુ કેન્દ્રની ભાજપ સરકાર શિક્ષણનો અધિકાર છીનવી રહી છે. સમગ્ર દેશભરમાં શિક્ષણ સુવિધાઓની વ્યાપક ઉપલબ્ધિ આપતી આ યોજના માટેની ફાળવણીમાં કાપ મૂકીને કેન્દ્રની ભાજપ સરકારે તેની ગરીબ, સામાન્ય-મધ્યવર્ગ વિરોધી નીતિ છતી કરી છે. તે જ રીતે ભાજપ સરકારના આ બજેટમાં ભારતના ખેડુતો માટે કંઈ જ નથી. ખેડુતોને કોઈ રાહત આપવામાં આવી નથી કે કોઈ નવી કુષિલક્ષી યોજના જાહેર કરવામાં આવી નથી. ભાજપની પ્રજાના વ્યાપક વર્ગની ઉપેક્ષા કરવાની અને ગરીબ તથા ગરીબવર્ગને જ દંડવાની તેની નિતિના ભાગરૂપે સર્વિસટેક્ષમાં મોટો વધારો કરવામાં આવ્યો છે. સર્વિસ ટેક્ષમાં આ વધારાથી પ્રજાના સામાન્ય-મધ્યવર્ધને જ માર પડશે. જ્યારે બીજી બાજુ દેશના મુડીતર ખમીરોનું જ હિત જેના હૈયે વસ્યુ છે તેવી ભાજપ સરકારે અમીરો માટે કરવેરામાં ઘટાડો કર્યો છે. સાંસદ અહેમદ પટેલે ૨૦૧૫ના અંદાજપત્ર અંગે ઉગ્ર પ્રતિક્રિયા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, જે રીતે ભારતીય જનતા પક્ષે સામાન્ય પ્રજાજનોને ચૂંટણી દરમ્યાન મોટા અને ખોટા પ્રલોભનો આપીને જે આશાઓ-અપેક્ષાઓ જણાવી હતી તેની સામે અંદાજપત્રમાં સામાન્ય-મધ્યમ પ્રજાજન માટે કોઈ જ રાહતો કે યોજનાઓ જાહેર નહીં કરીને ભારે નિરાશા સર્જી છે. દરમિયાન અચ્છે દિન નામે લોકોની લાગણી ઉશ્કેકીને સત્તા મેળવનાર કેન્દ્ર સરકાર દ્વારા સામાન્ય, મધ્યમવર્ગ વિરોધી બજેટ અંગે આકરી પ્રતિક્રિયા આપતાં ગુજરાત પ્રદેશ કોગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું હતુ કે, બજેટમાં અચ્છ દિન અંગેની વાયદાનું કોઈ જોગવાઈ કરવામાં આવી નથી.

## અંદાજપત્ર પ્રથમ નજરે


- આવકવેરાના દરમાં કોઈ ફેરફાર કરાયો નથી.
- સંપત્તિવેરો નાબૂદ કરાયો.
- પગારદાર વ્યકિતઓ માટે ટ્રાન્સપોર્ટ અલાઉન્સમાં કરમુકિતની મર્યાદા રૂ. ૮૦૦ પ્રતિ માસથી વધારીને રૂ.૧ ૬૦૦ પ્રતિ માસ કરવામાં આવી છે.
- વ્યકિતગત પેઢી, હિન્દુ અવિભાજિત કુટુંબ તેમજ સહકારી મંડળી, સ્થાનિક સત્તાના આવકવેરામાં કોઈ ફેરફાર થયેલ નથી. પરંતુ જો તેઓની આવક રૂ. ૧ કરોડથી વધુ હોય તો તેમના માટે સરચાર્જ ૧૦ ટકાથી વધારી ૧૨ ટકા કરાયો.
  રૂ. ૧ કરોડથી રૂ. ૧૦ કરોડની આવક ધરાવતી સ્વદેશી કંપનીઓ ઉપર આવકવેરા પરનો સરચાર્જ ૫ ટકાથી વધારીને ૭ ટકા કરાયો.
- રૂ. ૧૦ કરોડથી વધુ આવક ધરાવતી સ્વદેશી કંપનીઓ ઉપર આવકવેરા પરનો સરચાર્જ ૧૦ ટકાથી વધારીને ૧૨ ટકા કરાયો.
- સુકન્યા સમૃધ્ધિ અકાઉન્ટ યોજનામાં કરેલ રોકાણ કલમ ૮૦સી મુજબ આવકમાં બાદ મળશે. ઉપરાંત તેના પરનું વ્યાજ પણ કરમુકત રહેશે.
- કલમ ૮૦ ડી મુજબ મેડિકલેમ વીમા પેટે ચુકવેલુ પ્રીમીયમ રૂ. ૧૫૦૦૦ની મર્યાદામાં બાદ મળતું હતું. જેની મર્યાદા વધારીને રૂ. ૨૫,૦૦૦ કરવામાં આવી છે.
- વરીષ્ઠ વયના નાગરીકો માટે મેડિકલેમ વીમા પેટે ચુકવેલું પ્રીમીયમ રૂ. ૨૦,૦૦૦ની મર્યાદાથી વધારીને રૂ. ૩૦,૦૦૦ કરવામાં આવી છે.
- ૮૦ વર્ષથી ઉપરની વયના નાગરીકોની તબીબી સારવાર પેટે કરેલો ખર્ચ પણ રૂ. ૩૦,૦૦૦ની મર્યાદામાં કલમ ૮૦ ડી મુજબ બાદ થશે.
- કેન્સર, થેલેસીમીયા, એઈડસ જેવા રોગો માટે કલમ ૮૦ ડીડીબી મુજબ રૂ. ૪૦,૦૦૦થી રૂ. ૬૦,૦૦૦ સુધીની કપાત આપવામાં આવે છે. ઉપરાંત ૮૦ વર્ષથી વધુ વયની વ્યકિતઓને રૂ. ૮૦,૦૦૦ જેટલો કપાત આપવામાં આવશે. જેના માટે હાલ સરકારી હોસ્પિટલના ડોકટરનું પ્રમાણપત્ર જરુરી છે. જેના બદલે હવે આવો રોગ ધરાવતી વ્યકિતઓએ જે તે રોગના નિષ્ણાંત તબીબે આપેલા પ્રિસ્ક્રીપશનનાં આધારે પણ આવી કપાત મળી શકે છે.
- કલમ ૮૦ ડીડી તથા ૮૦ યુ મુજબ અપંગ વ્યકિતઓને તબીબી સારવાર માટે રૂ. ૫૦,૦૦૦ થી રૂ. ૧,૦૦,૦૦૦ની કપાત મળવાપાત્ર છે. જે મર્યાદા વધારીને રૂ. ૭૫,૦૦૦થી રૂ. ૧,૨૫,૦૦૦ કરવામાં આવેલ છે.
- હવેથી નેશનલ ફંડ ફોર કંટ્રોલ ઓફ ડ્રગ એબ્યુઝ, સ્વચ્છ ભારત કોષ અને કલીન ગંગા ફંડમાં આપેલું દાન આવકમાંથી ૧૦૦ ટકા બાદ મળશે.
- હાલના કાયદા પ્રમાણે રૂ. ૨૦,૦૦૦ થી વધુ રકમની લોન/ધિરાણની લેતી-દેતી એકાઉન્ટ પેયી ચેક/ડ્રાફટ સિવાય થાય તો તેના પર દંડ થાય છે. આ જોગવાઈમાં સ્થાવર મિલકતના ખરીદ-વેચાણ માટેની રકમની લેતી-દેતીનો પણ સમાવેશ કરી લેવામાં આવ્યો છે.
- બિનરહેવાસી ભારતીયને રોયલ્ટી/તકનીકી ફી પેટે ચુકવવાપાત્ર રકમ પર ૨૫ ટકાના આવકવેરાને બદલે ૧૦ ટકાનો દર થયો.
- ડોમેસ્ટીક ટ્રાન્સફર પ્રાઈઝીંગ માટેના વ્યવહારોની મર્યાદા રૂ. ૫ કરોડથી વધારીને રૂ. ૨૦ કરોડ કરવામાં આવેલ છે.
- જનરલ એન્ટી એવોઈડન્સ રૂલ (ગાર) નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬થી અમલમાં આવવાનો હતો તેની જગ્યાએ ૨૦૧૭-૧૮ સુધી મોકુફ રાખ્યું છે.
- મોટા ટ્રાન્સપોર્ટરોને કરવામાં આવતા ચુકવણી પર ટીડીએસ કાપવામાં આવશે.
- સહકારી બેંકોમાં શેરહોલ્ડરો દ્વારા મોકાયેલી થાપણ ઉપરના વ્યાજમાંથી ટેક્ષ કપાત કરવામાં આવતી ન હતીતે છૂટ છાટ હવેથી મળશે નહીં.
- રીકરીંગ ડિપોઝીટ ઉપર મળતા વ્યાજમાંથી પણ હવે કર કપાતમાં મુકિત મળશે નહીં.
- પરદેશમાં રહેલી મિલકત અને આવક નહીં બતાવનારને ૭ થી ૧૦ વર્ષની જેલ તથા અન્ય દંડની જોગવાઈ કરવામાં આવી છે.
- ગોલ્ડ બોન્ડ અને ગોલ્ડ ડિપોઝીટ પર મેટલ અકાઉન્ટ ખોલાવીને વ્યાજ કમાવી શકાશે.
- ધર્માદા સંસ્થાઓ આવકવેરાના પત્રક સમયસર ફાઈલ નહીં કરે તો એકયુમ્યુલેશનનો લાભ મળશે નહિ.
- કલમ ૧૦ (૨૩સી) મુજબ કેટલીક યુનિ. તથા હોસ્પિટલ માટે આવકવેરાનું પત્રક ભરવું ફરજીયાત ન હતું પરંતુ તે છુટ હવે મળશે નહીં અને તેવી સંસ્થાઓએ પણ ફરજીયાત પણે આવકવેરાનું રીટર્ન ભરવું પડશે.
- કલમ ૧૧૫ જેબીના મુજબ મીનીમમ ઓલ્ટરનેટ ટેક્ષ માટે વિદેશી નાણાંકીય સંસ્થાઓને થયેલાં ટૂંકા ગાળાના મુડી નફા સિવાયની મુડી નફાની આવક મજરે મળશે.
- સર્વિસટેક્ષ ૧૨ ટકાથી વધારીને ૧૪ ટકા કરવામાં આવ્યો.
- સર્વિસટેક્ષ તથા એકસાઈસ ડયુટી ઉપરનો અજઝયુકેશન સેસ અને સેકન્ડરી એજયુકેશન સેસ નાબુદ કરવામાં આવ્યો.
- અમ્યુઝમેન્ટ/વોટરપાર્ક/મનોરંજન ખેલકૂદ વગેરે પ્રવૃત્તિઓ પર સર્વિસટેક્ષ લાગશે.

**- કેતન મહેતા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ**



ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી યોજાઈ હતી.અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓ ધ્વારા અવનવા ચાર્ટ મોડેલ,પ્રોજેક્ટ બનાવી પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો.ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ ટ્રસ્ટી દેવાંગભાઈ કિર્તીકુમાર બારોટ,ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ અંગ્રેજી મીડીયમ પ્રિન્સિપાલ રાજેન્દ્રસિંહ ચૌહાણ તેમજ સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો.વિદ્યાર્થીઓએ બનાવેલ જ્ઞાન સબંધીત પ્રોજેક્ટો નિહાળ્યા હતા.વિદ્યાર્થીઓને પ્રત્સાહિત કરી બિરદાવ્યા હતા.વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

## શબ્દાવલી - ૫૬૫૭



### આડી ચાવી

૧. પોતાનું માન (૩)
૩. ચાંપતી ઉઘરાણી (૩)
૬. સંપતિ, સોના-ચાંદી વગેરે (૨)
૭. પડકાર, લલકારવું તે (૪)
૮. ભૂખ્યા રહી કરાતો ઉપવાસ (૪)
૧૦. કસરત, વારો (૨)
૧૨. નાટકીય વર્તન કરવું તે(૩)
૧૩. મગ્ન, લીન (૨)
૧૪. શક વગર, જરૂર (૩)
૧૬. કાગવાશ (૨)
૧૭. કિનાર (૨)
૧૮. કુટુંબ કબીલા સાથેનું ઘર (૪)
૨૧. સિંહ (૩)
૨૪. દર્દી, બિમાર વ્યક્તિ (૩)
૨૫. નડતર, બાધક (૩)

### ઊભી ચાવી

૧. સગુ, સંબંધી (૩)
૨. ટ્રેડમાર્ક (૩)
૩. એક તેલીબીયા (૨)
૪. પપ્પાના નાના ભાઇ (૨)
૫. શક્તિશાળી, જોરાવર (૪)
૭. લડી શકે તેવું (૪)
૯. લાલાશ રાતુ, (૩)
૧૧. મુળ ગામ (૩)
૧૪. શરમ વિનાનું (૪)
૧૫. વાદળમાંથી પડતું પાણી(૪)
૧૬. ભારતનું રાષ્ટ્રીય પ્રાણી(૪)
૧૯. હવા-ઉજાસ માટે ઘરમાં રખાતી જાળી (૨)
૨૦. કણ, રજોટી (૨)
૨૨. ઝેર (૨)
૨૩. પાણી, નીર (૨)

### શબ્દાવલી ૫૬૫૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) દમદાટી (૬) ફણસ (૭) ચરિતાર્થ (૮) ત્વચા (૧૧) પહેરવેશ (૧૪) રસીલુ (૧૫) રણ (૧૬) ખસ (૧૭) સીલ (૧૯) રમત (૨૧) ઘુડખર (૨૪) ચણીબોર (૨૫) ખોડ

**ઊભી ચાવી :-** (૧) દફન (૨) મણ (૩) દાસત્વ (૪) હરિદ્વાર (૫) પાર્થ (૯) ચાપલુસી (૧૦) પારસમણી (૧૨) વેર (૧૩) શણગાર (૧૬) ખરચ (૧૮) લઘુ (૨૦) તબો (૨૨) ડખો (૨૩) ખડ

## ભાવ વધારો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જયારે ડિઝલની કિંમત ઓકટોબરમાં તેને અંકુશમુક્ત કરાયા બાદ લીટરદીઠ ૧૨.૯૬ રૂપિયા સુધી ખટી છે. છેલ્લે ૧૫મી ફેબ્રુઆરીના દિવસે વધારો કરાયો હતો જેને ૧૬મી ફેબ્રુઆરીથી અમલી કરાયો હતો. ફયુઅલ કિંમતને લઈને એક્સાઈઝ ડ્યુટીમાં પણ સુધારા કરાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૫મી ફેબ્રુઆરીના દિવસે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધારો કરવામાં આવ્યો હતો. સતત છ મહિના સુધી બંનેની કિંમતમાં ઘટાડવાનો દોર હાથ ધર્યા બાદ ૧૫મીએ પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધારો કરવામાં આવ્યો હતો. ૧૫મીએ પેટ્રોલની કિંમતમાં વેટ અને સેલટેક્સ સિવાય લીટરદીઠ ૮૨ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો જ્યારે ડિઝલની કિંમતમાં ૬૧ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધારો તાત્કાલિક ધોરણે અમલી બનાવવામાં આવ્યો હતો.

## રઝળપાટ ...

● **બીજા પાનાનું ચાલુ**

ભગલા તારી વાતમાં દમ તો છે હો, મોદી સાહ્બને ય બધાયને વારેવારે યાદ કરાવવું પડે છે કે ભાય જબાન કો લગામ દો. ખબર નહિ પણ આવું એલફેલ બોલનારા ઓ એમ સમજે છે કે પબ્લિકનો એમને ટેકો છે ને પબ્લિકને આવું ગમે છે પણ મુર્ખાઓ એ નથી જાણતા કે પબ્લિક કયારની બદલાઈ ગઈ છે, પબ્લીકને આવા વાણીવિલાસમાં નહિ પણ કામ થાય એમાં રસ છે..પણ બુદ્ધિબઠાવ હમજે તો ને? પાકિસ્તાન જેવું પાકિસ્તાન ને અમેરિકા જેવું અમેરિકા પણ હમણાં તો હમજીને હખણું થઈ ગયું છે પણ આપણા દેશમાં જ અમુકની જીભ ને વારે વારે વલૂર ઉપડે છે બકવાસ કરવાની.

હાયલા કરે જગલા, મોઢે તાળા તો દેવા નો બેહાય ને પણ એટલું ખરું કે પબ્લિકના કાન ને આંખ ખુલી ગયા છે, પબ્લિકને કામ જોઈએ છે, સગવડતા જોઈએ છે. આ જો ને આ વખતે મોદી સાહ્બ જીત્યા એની પાછળ એક કારણ એ જ હતું કે પબ્લીકને કામ કરતી સરકાર જોઈએ છે નહિ કે વાણીવિલાસ કરતી ને દિલ્લીના પરિણામ પછી તો સાહ્બ પણ હમજી ગયા હશે કે વધુ ને વધુ કામ કરવું પડશે ને વાયદાઓ પુરા કરવા પડશે તો જ ૨૦૧૯માં ગાદી કંટીન્યુ થશે.

બાકી ભગલા જો આ ગબ્બર જેવું કંટીન્યુ થયા કરશે તો આપડા ભાયું આ વખતે ય વર્લ્ડકપ જીત્યા વિના પાછા નહિ આવે એ પાક્કું છે. જગાભાય આ ખરું નહિ, મારું હાળું રમે આવડા ઈ હારું ને જહ સ્ન્ધોય બાયુંને જાય. આ જોયું નહિ શીખરીયાએ સટાસટી કરીને આફ્રિકાને રોવરાવી દીધું તો ક્યે મારી ઘરવાળી લક્કી છે, ઓલા વિરાટે પાકિસ્તાનને આ વખતે ય ફટાકડા ફોડવા નો દીધા તો ક્યે અનુષ્કા શુકનિયાળ છે, ધોનીની ઘીરે લક્ષ્મી પધાર્યા છે એટલે લક્ષ્મી તો શુકનિયાળ જ કેવાય ને ? એટલે જો જે વર્લ્ડકપ પણ આપણે જ જીતવાના.... બોલ મારવી છે શરત પચ્ચા - પચ્ચાની ????

વિસામો -

લેખ ના અંતે વૈધાનિક ચેતવણી - બુરા નાં માનો હોલી હૈ .... હેપ્પી હોલી ટુ ઓલ્ઝઝ!!!

## સ્વાઈન ફ્લુ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

મૃત્યુ થયું છે. આ સાથે મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૧૯૫૨ પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે મૃતક દર્દીનું વતન હારીજ હોવાનું જાણવા મળેલ છે અને તે નિયમિત રીતે હારીજ-અમદાવાદ વચ્ચે અપડાઉન પણ કરતો હતો.

જિલ્લામાં નોંધાયેલ ૧૫૫ દર્દી પૈકી હાલ ૫૦ દર્દી સારવાર હેઠળ છે. જેમાં બે દર્દીને વેન્ટીલેટર પર સારવાર આપવામાં આવી રહી છે. જ્યારે ૮૬ દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ છે. ગાંધીનગર સિવિલમાંથી આજે પાંચ દર્દીઓને રજા આપવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ટચૂકડી જાહેર ખબર
મકાન ભાડે આપવાના છે
સારી સુવિધામાં, ૨ મકાન ભાડે આપવાના છે.
સેક્ટર-૧૪, ગાંધીનગર
મો. : ૯૪૨૮૦ ૫૦૭૩૨
મો. : ૯૪૨૭૦ ૫૧૮૩૪

